# સાબરકાંઠા જિલ્લામાં રેતી ખનન માફીયા બેફામ

## ૨ વર્ષમાં હુમલાની ૭ ફરિયાદ : ખાણખનિજ અધિકારીઓની પ્રાઈવસી પણ જોખમાઈ, વોટ્સએપ ગૃપથી સંગઠીત થઈ ખનિજ ચોરીને અંજામ





**સરકારી વાહનમાં નિકળવું જોખમરૂપ બન્યું છે, સાબરકાંઠા ખાણખનિજ અધિકારી**

સાબરકાંઠા ખાણખનિજ અધિકારી સુભાષભાઈ જોષીએ જણાવ્યું કે જિલ્લામાં રેતી ખનન માફીયા બેફામ થઈ ગયા છે. અમારે હવે તપાસ કરવા માટે સરકારી વાહન લઈને નિકળવું હોય તો પણ જોખમરૂપ બની ગયું છે. ખાનગી વાહનમાં જઈએ તો પણ વોટ્સએપ ગૃપ કે જે ખનિજ ચોરી સાથે સંકળાયેલું છે તેમાં અમારા પ્રાઈવેટ વ્હીકલના નંબર એકબીજાને મોકલી આપવામાં આવે છે. અગાઉ અમે વોટ્સએપ ગૃપમાંથી સંગઠીત બની ખનિજ ચોરી કરનારા શંકાસ્પદોને પકડ્યા હતા પરંતુ કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી.

**ખનન માફીયાઓના હુમલા, કચેરીના ભ્રષ્ટ કર્મચારીઓની સંડોવણીની આશંકા**

જિલ્લાની ખાણખનિજ કચેરી, પુરવઠા શાખા, વન વિભાગ, પાલિકા વગેરેમાં ભ્રષ્ટ કર્મચારીઓની મોટી ફોજ હાજર હોય છે (કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં) ખનન માફીયાઓ તપાસ માટે જતી ટીમો ઉપર જીવલેણ હુમલા કરે છે ભલે સરકારી વાહનનો ઉપયોગ થતો ન હતો, પ્રાઈવેટ વાહનમાં તપાસ માટે જતા હોય પરંતુ સાહેબ જ્યારે બહાર નિકળે એટલે ભ્રષ્ટ કર્મચારી ખનન માફીયા ગૃપને માહિતી આપતો હશે તેથી જ વારંવાર ખનિજ ચોરી પકડવા ગયેલી ટીમ ઉપર હુમલા થતા હોવાની પણ આશંકા છે.

**ખનિજ ચોરી પકડવા માટે એસ.આર.પી. ફાળવવાની માંગ**

જિલ્લામાં વિજ ચોરી પકડવા જતી ટીમોને ક્યારેક એસ.આર.પી. ફાળવવામાં આવે છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ખનિજ ચોર માફીયાઓ બેફામ બન્યા છે. પોલીસ અને તપાસ ટીમો ઉપર જે રીતે જીવલેણ હુમલાના પ્રયાસ થયા તે જોતાં કયા ખીલાના જોરે તે કૂદી રહ્યા છે તે તપાસનો વિષય છે. ખનન માફીયાઓની શાન ઠેકાણે લાવવા માટે તપાસ માટે જતી ટીમ સાથે એસ.આર.પી.ને પણ મોકલવી જોઈએ. મોટાભાગના કર્મીઓ પણ હવે ખનન માફીયાઓથી બચવા માટે તપાસ દરમ્યાન એસ.આર.પી. ફાળવવાની માંગણી તરફેણમાં છે.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

પ્રાંતિજના વાઘપુર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી ખનિજ ચોરીનું દૂષણ બેકાબુ બન્યું છે. ગત રોજ ખનિજ માફીયાઓએ તપાસ માટે આવેલી પોલીસ અને ખાણખનિજની ટીમ ઉપર ટ્રેક્ટર ચઢાવી કચડી નાખવાનો પ્રયાસ કરતાં જિલ્લામાં સન્નાટો વ્યાપ્યો હતો. પોલીસ અને વિભાગના સંયુક્ત ઓપરેશનમાં ખનિજ ચોરીમાં સામેલ ૨૨ ટ્રેક્ટર જપ્ત કરી ૧૪ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લામાં રેતી ખનન માફીયા બેફામ બનવા પાછળ પોલીસ અને ખાણખનિજ વિભાગનો ભ્રષ્ટાચાર મુખ્ય પરીબળ છે પરંતુ તમામ અધિકારીઓ ભ્રષ્ટ હોતા નથી. અત્યારે સમગ્ર જિલ્લામાં ખનિજ ચોરી બેફામ બની છે અને હવે તો ખાણખનિજ અધિકારીઓની પ્રાઈવસી પણ જોખમમાં આવીગઈ છે. વોટ્સએપ ગૃપથી સંગઠીત થઈ ખનિજ ચોરીને અંજામ આપતી ગેંગનો પર્દાફાશ થયા પછી પણ જિલ્લાની બાહોશ પોલીસ આવા ખનિજ માફીયા અને બાતમીદારો સામે યોગ્ય પગલાં ભરવામાં ડરપોક સાબિત થયા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ધરતીમાં કિંમતી ખનિજ ધરબાયેલું છે પરંતુ અગાઉના ખાણખનિજ અધિકારીઓએ લાખો-કરોડોના ભ્રષ્ટાચાર આદરી ખનિજ ચોરોને પોષ્યા હતા. અત્યારે હાઈટેક ટેકનોલોજીથી ખનિજ ચોરી પકડવાનું અભિયાન અમલમાં આવ્યું એ સાથે જ પ્રમાણિક અધિકારીઓની જીંદગી જોખમમાં આવી ગઈ છે. અરવલ્લી, સાબરકાંઠા જિલ્લામાં પાછલા ૨ વર્ષમાં રેતી ખનન માફીયા બેફામ બન્યા છે અને ખનિજ માફીયાના હુમલા અને ખનિજ ચોરીની ૭ ફરિયાદો પોલીસ દફતરે નોંધાઈ છે.

જો કે આ આંકડા સંતોષકારક નથી કારણ કે પ્રાંતિજ, હિંમતનગર પંથક ખનિજ ચોરીથી ખદબદી રહ્યો છે. ખાણખનિજ વિભાગ અને પ્રાંતિજ પોલીસમાં ફરજ બજાવતા અનેક કર્મીઓ કરોડોની સંપત્તિમાં તેના કારણે આળોટતા થઈ ગયા છે. ગેરકાયદેસર ખનિજ ચોરી સામે અવાજ ઉઠાવનારા અનેક લોકોના ટાંટીયા તોડી નાખ્યાની પણ ફરિયાદો છે. જિલ્લા ખાણખનિજ વિભાગના પ્રમાણિત આંકડા મુજબ વર્ષ-૨૦૧૯-૨૦માં ખનિજ ચોરી અને હુમલાની કુલ-૭ ઘટનાઓ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે તપાસમાં અને વિભાગમાં ખાટલે ખોડ જરૂર છે પરંતુ માંડે માંડે ખાણખનિજ વિભાગે ખનિજ માફીયાઓ સામે લાલઆંખ કરી છે તે બિરદાવવા લાયક છે. ગત રોજ ખનિજ ચોરી કરતાં ૨૨ વાહનો પોલીસ અને ખાણખનિજ વિભાગે ઝડપ્યા પછી કાર્યવાહી શરૂ થઈ ત્યારે ખનિજ માફીયાઓને બચાવવા માટે પણ ભલામણનો દોર શરૂ થયાની ગરમા ગરમ ચર્ચા છે.

## સમાચાર રફ્તાર

- દેવભૂમિ દ્વારકાની ભાણવડ નગરપાલિકામાં ભાજપના આઠ નગરસેવકો તાત્કાલિક અસરથી છુટા કરાયા.
- રાજકોટના મહિલા જજ સહિત તેમના સ્ટાફના છ વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત.
- જાણીતા અભિનેતા આમિરખાન કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રના સિનિયર પોલીસ અધિકારી પરમવીરસિંહની અરજી સાંભળવાનો સુપ્રિમે ઈન્કાર કર્યો.
- જસ્ટીસ એન.વી. રમન્ના સુપ્રીમ કોર્ટના ૪૮મા મુખ્ય ન્યાયાધીશ બનશે, ૨૩મી એપ્રિલે હોદ્દો સંભાળશે.
- મુખ્યમંત્રી કાર્યાલયના નાયબ સચિવ કોરોના પોઝીટીવ.
- મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં રાજ્યપાલને મળ્યુ.
- પેટ્રોલ-ડીઝલના ભાવમાં વર્ષમાં પહેલીવાર ૧૭ પૈસાનો ભાવ ઘટાડો.
- કોરોનાના ભયથી બિહાર જેલના પેરોલ પરના બે હજાર કેદીઓ પરત ફર્યા નથી.
- મહારાષ્ટ્રના બીડ અને નાંદેડમાં સંપૂર્ણ લોકડાઉન.
- આંતરરાષ્ટ્રીય ઉડાનો પર ૩૦મી એપ્રિલ સુધી પ્રતિબંધ.
- મમતા બેનર્જીને ૧૪૦ થી ૧૪૬ અને ભાજપને ૧૩૫ થી ૧૪૦ બેઠકો મળવાનું અનુમાન.
- સંજય દત્તે કોરોના વેક્સીનેશનનો પહેલો ડોઝ લીધો.
- હોળી-ધુળેટી પર વીરપુરનુ જલારામ મંદિર ચાર દિવસ બંધ રહેશે.
- બિહારમાં વિપક્ષો દ્વારા વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ.
- મહારાષ્ટ્રમાં પણ હોળી-ધુળેટી ઉજવવા પર પ્રતિબંધ.

## પાલનપુર તાલુકાના કાણોદર ગામ નજીકથી ૧૯.૮૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

રાજસ્થાનમાંથી ગુજરાતમાં દારૂ ગુસાડવામાં આવતો હોવાની બાતમીના આધારે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વોચ ગોઠવી હતી.અને કાણોદર નજીકથી રૂ.૧૯.૮૫ લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપી લઇ પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

રાજસ્થાનમાંથી ગુજરાતમાં વિદેશી દારૂ ગુસાડવામાં આવતો હોવાની ગુજરાત સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળી હતી.જેથી સ્ટાફ દ્વારા પાલનપુર આરટીઓ સર્કલ નજીક વોચ ગોઠવી હતી.તે સમયે બાતમી વાળી ટ્રક આવતા ટીમ દ્વારા ટ્રકનો પીછો કરવામાં આવ્યો હતો.તે સમયે ટ્રક ચાલક કાણોદર નજીક ટ્રક સાઈડમાં ઉભી કરી ભાગવા જતા ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો.ત્યારબાદ પોલીસે ટ્રકની તલાસી લેતા ટ્રકમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો.

## સાબરકાંઠા, અરવલ્લીમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને આંબ્યો, પશ્ચિમના પવનના કારણે ગરમી વધી

### ૨૭ માર્ચથી તાપમાન ૪૧ ડિગ્રીને આંબવાની આગાહી


બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

છેલ્લા ૨ દિવસથી સવારે ઠંડીનો ચમકારો અને બપોર થતાં પશ્ચિમના પવનના કારણે ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. તા.૨૩ માર્ચે જિલ્લામાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને આંબ્યો છે. હવામાન વિભાગની આગાહી જોતાં તા.૨૭ માર્ચથી તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર કરશે. લમણા શેકતી ગરમીથી બચવા માટે પ્રજાએ ઉપાય શોધવા પડશે.

કોરોનાના કહેરમાં તહેવારો, દુઃખ અને પીડા આ બધું ભૂલાયું છે અનેક પરિવારો આર્થિક રીતે પાયમાલ થયા હોવા છતાં હસતા મોંઢે જીંદગી જીવી રહ્યા છે. એક રીતે કોરોનાએ જીંદગીનું વાસ્તવિક ચિત્ર દેખાડી દીધું છે. માર્ચ મહિના સુધી ઠંડીનો ચમકારો અનુભવાશે તેવી આગાહી સચોટ ઠરી છે. ભલે બપોર થતાં આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તે રીતે ગરમી પ્રકોપ જોવા મળતો હોય પરંતુ માંડી રાત્રે અને પરોઢે શીત વાયરાથી પ્રજા ખુશાલી અનુભવતી હોય છે. એક રીતે મિશ્ર ઋતુ અનુભવાય છે જેના કારણે બાળકો અને અસ્થમાના દર્દીઓ મુશ્કેલી અનુભવતા હોય છે. પરંતુ હવે ઉનાળો જમાવટ કરી રહ્યો છે જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, ખેડબ્રહ્મા, પોશીના, ઈડર, હિંમતનગર સહિતના વિસ્તારોમાં બપોરે આગ આંકતી ગરમીની બજારો ઉપર અસર જોવા મળી. ગ્રામ્ય માર્ગો સૂમસામ દેખાયા જે રીતે ગરમી પ્રકોપ વધી રહ્યો છે તે જોતાં તા.૩૧ માર્ચ સુધીમાં ગરમી તેનો હિસાબ પૂરો કરવા માગતી હોય તે રીતે તાપમાનનો પારો ૪૧ થી ૪૨ ડિગ્રી રહેવાની સંભાવના છે. માર્ચ મહિનામાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને આંબશે તો પછી એપ્રિલ અને મે. મહિનામાં ગરમી પ્રકોપ શું કરશે..??

**હોળી પહેલાં ગરમીનો ધખારો**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં ગરમીના અનુભવથી પ્રજા અત્યારથી અકળાઈ ઉઠી છે. હોળી પહેલાં ઉનાળો ધખધખ્યો હોય તેમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચવા લાગ્યો છેઅ ને આગામી સમયમાં ઉનાળો આક્રમક બનવાના અણસાર છે. સામાન્ય રીતે હોળીના તહેવાર પછી વાતાવરણમાં તિવ્ર ગરમી અનુભવાતી હોય છે પરંતુ બદલાતા જતા માહોલમાં હોળી પહેલાં જ ગરમીનો ધખારો અનુભવાય છે.




હિંમતનગરની ગ્રોમોર કોલેજ કેમ્પસની ગ્રોમોર ફેકલ્ટી ઓફ એમ.બી.એ., બી.બી.એ., બી.કોમ વિભાગના વિદ્યાર્થીઓ માટે વેલ્થ ક્રિયેશન અને સ્ટોક માર્કેટમાં કારકીર્દી માટેનો વેબિનાર તાજેતરમાં યોજાઈ ગયો. વેબિનારમાં તજજ્ઞ જગદીશ પુરોહીતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુંહતું. વેબિનારનુંઆયોજન અને સંચાલન ગ્રોમોર એમ.બી.એ. કોલેજના એચ.ઓ.ડી. પ્રો.ચેતન પટેલ, બી.બી.એ. વિભાગના એચ.ઓ.ડી. પ્રો.લલિત ચોપડા દ્વારા કરવામાં આવ્યું હતું.




## નવાંઘરાં પ્રાથમિક શાળાના શિક્ષકે નેશનલ કક્ષાના રમકડાં મેળામાં ભાગ લીધો

માલપુર તાલુકાના ક્લસ્ટર માલપુર-૧ ની નવાંઘરાં(પનાવાડા) પ્રા.શાળાના શિક્ષક જીજ્ઞેશભાઈ રમણભાઈ પટેલે નેશનલ કક્ષાના રમકડાં મેળામાં ઉચ્ચત્તર વિભાગમાં દેશી રમકડાં અને વિવિધ રમતોનું નિર્માણ વિભાગનું ગાંધીનગર ખાતે યોજાયેલા પ્રદર્શનમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી માલપુર તાલુકા અને સમગ્ર અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકોનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના વાઘપુર સાબરમતી નદીમાથી બિનઅધિકૃત રેતીનુ ખનન કરતા ૨૨ ટેકટર-ટોલી ઝડપી પાડયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાઘપુર ખાતે આવેલ સાબરમતી નદી મા જિલ્લા એલસીબીએ અને ખાનખનીજ નુ સંયુક્ત ઓપરેશન મા બિન અધિકૃત રેતી નુ ખનન કરતા ૨૨ ટેકટર અને ટોલી ઝડપી પાડી કુલ-૩૦,૦૦૦૦૦ નો મુદામાલ જપ્ત કરી ૩૧,૫૪૦૦૦ ની ખનીજ ચોરી નો ભેદ ઉકેલીને ૧૪ વિરૂધ્ધ ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવી . પ્રાંતિજ ના વાઘપુર ખાતે આવેલ સાબરમતી નદી મા ચાલી રહેલ બીન અધિકૃત રીતે રેતી નુ ખનન-વહન રોકવા ગાંધીનગર પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા તથા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગૂજર ની સુચના અને માર્ગદર્શન ને લઈ ને જીલ્લા એલસીબી પીઆઈ એમ. ડી. ચંપાવત, પો.સ.ઈ જે.પી. રાવ, પો.સ.ઈ બી.યુ.મુરીમા તથા એલસીબી - એસઓજી સ્ટાફ તથા ખાનખનીજ અધિકારી સુષાષભાઈ જોષી , મહેન્દ્રભાઈ સુથાર , ડી.જી.ચૌધરી તથા પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલા સહિત નો પોલીસ સ્ટાફ દ્વારા પ્રાંતિજ ના વાધપુર ગામની સીમ મા આવેલ સાબરમતી નદી મા સંયુક્ત રીતે રેડ કરતા નદીમા ત્રીસએક જેટલા ટેકટરોમાં બિન અધિકૃત રીતે રેતી ખનીજ ચોરી કરવાની અને ટેકટરો મા ભરવાની પ્રવૃત્તિ ચાલુ હતી જેને લઈ ને સમગ્ર વિસ્તાર ને કોર્ડન કરવા જતા પોલીસ તથા ખનીજ માફિયાઓ વચ્ચે ઝપાઝપી ના દશ્યો પણ સર્જાયા હતા તો ધટના ની જાણ થતા જિલ્લા એસપી નીરજ કુમાર બડગૂજર પણ સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને ખનન માફિયાઓ સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યુ હતુ તો ૨૨ ટેકટર અને ૨૨ ટોલી જેની કિંમત-૩૦,૦૦૦૦ નો મુદામાલ જપ્ત કરી ૩૧,૫૪૦૦૦ ની ખનીજ ચોરી નો ભેદ ઉકેલી કુલ ૨૩ ઈસમો વિરૂધ્ધ અલગ અલગ ત્રણ ફરિયાદ ત્રણ ગુન્હાઓ દાખલ કરી આગળ ની કાર્યવાહી હાથધરી છે .



### વરસાદી પાણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલનુ કામ છેલ્લા એક મહીનાથી શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી બે વર્ષમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે. ગુડાના વિવિધ વિસ્તારમાં નવી આવાસયોજના તૈયાર કરવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે શહેરની જેમ ગ્રીન સીટી નો કન્સેપ્ટ જળવાઈ રહે તે માટે ઉદ્યાનો બનાવવા માટે પણ આયોજન કરવામાં આવે છે. ટી પી વિસ્તારમાં રહેણાંક વધતા માળખાગત સુવિધાના કામો ઝડપથી કરવા માટે આયોજન થઈ રહ્યુ છે.

### દેશમાં કોરોનાથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર સરકારે આંતરરાષ્ટ્રીય ઉડાનો પર લાગેલા પ્રતિબંધોને ૩૦ એપ્રિલ સુધી વધારી દીધા છે. આઈસીએમઆર મુજબ જે ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા તેમાંથી ૧૩૨ મોત મહારાષ્ટ્રમાં, ૫૩ પંજાબમાં, ૨૦ છત્તીસગઢ અને ૧૦ મોત કેરળમાં થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૫૩,૫૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગયા વર્ષે ૧૧ નવેમ્બર પછી કોઈ એક જ દિવસે પ્રાપ્ત થયેલા સૌથી વધુ કેસ છે. મૃત્યુની વાત કરીએ તો ગયા વર્ષે ૩૦ ડિસેમ્બર પછી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં લોકો કોરોનાને કારણે મોતને ભેટ્યા છે. ૩૦ ડિસેમ્બરે, કોરોના સંક્રમણને કારણે ૩૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. છેલ્લા બે દિવસની તુલનામાં, મૃત્યુઆંકમાં આ મોટો ઉછાળો છે. મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં કોરોનાના સતત વધતાં કેસને લઈને વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૬ માર્ચથી લઈ અને ૪ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. આ સમય દરમિયાન કડક લોકડાઉનનું પાલન કરવામાં આવશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેના કારણે કોરોનાના સંક્રમણની ચેઈનને તોડી શકાય.

જિલ્લાધિકારી તરફથી આદેશ બહાર પાડવામાં આવ્યો છે. લોકડાઉન દરમિયાન મેરેજ હોલ, હોટલ બંધ રાખવામાં આવે છે. તમામ પ્રાઈવેટ ઓફિસો પણ બંધ રાખવામાં આવશે. કરિયાણા, દૂધ અને મેડિકલ સહિત જરૂરી સેવાઓ ચાલુ રહેશે. જિલ્લાની તમામ શાળાઓ, કોલેજ બંધ રાખવાના આદેશ અપાયા છે. ભારત સરકાર મોટાપાયે કોરોના વાયરસ રસીકરણ અભિયાન ચલાવી રહી છે જેના કારણે અત્યાર સુધી ૫ કરોડ ૮ લાખ ૪૧ હજાર ૨૮૬ લોકોનુ રસીકરણ કરવામાં આવી ચૂક્યુ છે. કોરોનાના વધતા કેસોને જોતા ભારત સરકારે ૪૫ વર્ષથી વધુ ઉંમરના બધા લૌકને વેક્સીન આપવાનુ એલાન કર્યુ છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ રાજ્યોને કોરોનાને કાબૂમાં લેવા માટે પોતાની રીતે નિયંત્રણો મૂકવા માટે જણાવ્યું છે. કેન્દ્ર સરકારના એડિશનલ હેલ્થ સેક્રેટરીએ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે.

### નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝોન આવેલા છે તેમાં ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ છે. કુડાસણ, વાવોલ, રાંદેસણ, રાયસણ, સરગાસણ જેમાંથી વધુ કેસો મળી આવતાં આ વિસ્તારો સંવેદનશીલ બન્યા છે. ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૨૧ કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેરમાં કેસોની સંખ્યામાં વધારો થતાં તંત્રએ પણ તેના ટેસ્ટીંગમાં વધારો કરી દીધો છે. શહેરમાં આજે ૩ મહિલા દર્દીઓ ઉપરાંત મોટી વયના દર્દીઓ પણ પ્રમાણમાં વધુ સંક્રમિત હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં આજે એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે, જ્યારે વીસ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેને મંજૂરી આપી છે.

શહેરમાં આજે સે. ૩ અને સે. ૪ માંથી ૩-૩ કેસ મળવા ઉપરાંત જીઈબી, સે. ૨૯, સે. ૨ અને સે. ૨૭ માંથી બે-બે કેસ તેમજ સે. ૩૦, ૭, ૧૩, ૨૬, ૨૩, ૨૪ અને ૧૨ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં સેન્ટ્રલ યુનિ.ના અધ્યાપક, જીઈબીનો કર્મયોગી, સે. ૨૧નો વેપારી, સિક્યોરીટી ગાર્ડ, જીઆઈડીસીમાં ટેકનીશયન તરીકે ફરજો બજાવતો કર્મયોગી, વિધાનસભામાં સેવક તરીકે ફરજો બજાવતો કર્મયોગી, સિવિલ હોસ્પિટલનો બ્રધર ઉપરાંત ખાનગી સ્કૂલની હોસ્ટેલના કૂકનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૭ ટકાથી ઉપરનો નોંધાયો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. શહેરમાં આજે ૧૫૨ જેટલા એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી માટેની સૂચનાઓ જારી કરી છે. શહેરમાં દર્દીઓની સંખ્યા વધતાં કન્ટેનમેન્ટ ઝોનમાં વધારો થયો છે. શહેરમાં ૧૭૫ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે અને એક હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ મોટીવયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન જવા અપીલ કરી છે.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● **સરકારી આવાસો પરત સોંપવા બાબત**

વાવના કોંગી ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ શહેરમાં ફાળવેલ સરકારી આવાસો નિવૃત્તિ પછી પરત સોંપ્યા ન હોય તે અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે આવા ૪૪૯ મકાનો છે. જેમાં ખ-ટાઈપનું ૧, ગ ટાઈપના ૪, ચ-પ્રકારના ૭૧, ચ-૧ પ્રકારના ૨૧, છ પ્રકારના ૨૩૦, જ પ્રકારના ૬૫, જ-૨ પ્રકારના ૨૪, જ-૧ પ્રકારના ૨ મકાનોનો સમાવેશ થાય છે. મંત્રીએ જણાવ્યુ છે કે આ માટે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરાઈ છે. નોટીસની બજવણી કરાઈ અને ઈવીક્શન કોર્ટ કેસ દાખલ કરી આવાસ ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

● **આવાસ મેળવવાની પડતર અરજીઓ**

દાંતાના ધારાસભ્ય કાન્તિભાઈ ખરાડીએ ગાંધીનગરમાં સરકારી આવાસ મેળવવા માટેની ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ પડતર અરજીઓ બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે આવી ૪૨૯૩ અરજીઓ પડતર છે.

જેમાં ક પ્રકારના મકાન મેળવવા માટે ૧૬, ખ/ઈ-૨ પ્રકારના મકાન માટે ૧૧, ગ-૧ અને ઈ કક્ષા ૫ પ્રકારના મકાન માટે ૨૯, ઘ/ ડી-૧ કક્ષા-૪ પ્રકારના મકાન માટે ૯૬, ઘ-૧/ડી પ્રકારના મકાન માટે ૧૨૯, ચ-કક્ષા-૩ પ્રકારના મકાન માટે ૧૧૨૬, ચ-૧ સી પ્રકારના મકાન માટે ૪૧૯, છ/બી-૧ કક્ષાના મકાન માટે ૭૭૩, જ/બી/કક્ષા-૨ પ્રકારના મકાન માટે ૧૩૭૯, જ-૨ પ્રકારના માટે ૩૦૮ અને જ-૧/એ/કક્ષા-૧ના મકાન માટે ૭ અરજીઓ પડતર છે. તેમણે જણાવ્યુ છે કે આવાસની ઉપલબ્ધતા મુજબ ફાળણી થતી હોવાથી અરજીઓ પડતર છે. આ અધિકારીઓ કર્મચારીઓને જેમ જેમ આવાસ ઉપલબ્ધ થશે તેમ તેમ ફાળવી આપવામાં આવશે.

● **જર્જરીત વીજ થાંભલા અને વીજ વાયરો**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં જોખમી અને જર્જરીત થાંભલાઓ બદલવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે ૧-૨-૧૯ થી ૩૧-૧-૨૦ દરમ્યાન ૩૭૯ અને ૧-૧-૨૦ થી ૩૧-૧-૨૧ દરમ્યાન ૩૭૫ વીજ થાંભલા બદલવામાં આવ્યા છે. આ સમયગાળા દરમ્યાન ૨૦૧૯ માં ૩૫૮.૭૦ કિ.મી. વાયરો અને ૨૦૨૦ માં ૨૯૮.૧૩ કિ.મી. વિસ્તારમાં વાયરો બદલવામાં આવ્યા છે. સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં હજુ ૪૫ જોખમી અને જર્જરીત થાંભલા બદલવાના બાકી છે. આ ઉપરાંત ૨૫.૫૭ કિ.મી.ના વીજ વાયરો પણ બદલવાના બાકી છે. તેમણે જણાવ્યુ છે કે વરસાદ, તાપમાન જેવા વાતાવરણના ફેરફારો, ક્ષાર અને કાટની અસરથી થાંભલાઓને વીજ વાયરોને નુકશાન થતુ હોઈ આ સતત ચાલતી પ્રક્રિયા છે.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪ ● ફોન નંબર : ૨૩૨ ૮૭૧૩૪ થી ૩૮

**ટેન્ડર નોટીસ**

ઉપરોક્ત સંસ્થાના ડેરી તેમજ સંલગ્ન પ્લાન્ટમાં ડીપ ફ્રીઝ, મિલ્ક કુલર, એ.સી., કોલ્ડ સ્ટોરેજના કોન્ટ્રાક્ટ માટેના વાર્ષિક કોન્ટ્રાક્ટ અંગે ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક સંસ્થાની ઓફીસમાંથી તા. ૨૬/૩/૨૦૨૧થી તા. ૩/૪/૨૦૨૧ સુધી સંસ્થાના સમય દરમિયાન (સવારે ૯.૩૦ થી સાંજના ૪.૩૦ સુધી) રૂ. ૧૦૦૦ (નોન રીફંડેબલ) રૂબરૂ રોકડા ભરીને મેળવીને તા. ૫/૪/૨૦૨૧ સાંજના ૪.૩૦ સુધીમાં સંસ્થામાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવપત્રક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવા કે ના સ્વીકારવાનો તેમજ સદર જાહેરાત કેન્સલ કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી**